Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री ॥

# આત્માનંદ પ્રકાશ.

સં. ૧૯૬૦ ના શ્રાવણથી સં. ૧૯૬૧ ના અશાડ સુધી અંક ૧૨.

" सेव्यः सदा श्रीगुरुकल्पवृक्षः "

## स्त्रग्धरावृत्तम्.

भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैस्तेजः प्रकाशैः कुमतितिमिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचिहृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरति भुवने वीरभानुप्रभावात् । १

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈન આત્માનંદ સભા.

વીર સંવત ૨૪૩૦-૩૧. આત્મ સંવત ૯-૧૦.

ભાવનગર.

ઇસ્વીસન ૧૯૦૪-૦૫.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

ભાવનગર—શ્રી "વિદ્યા વિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં,

શાહ. પુરૂષોત્તમ ગીગાભાઇએ છાપ્યુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ वार्षिक अनुक्रमणिका. ॥


| નંબર | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ... ... ... ... | ૧ |
| ૨ | શ્રી ગુરૂ સ્તુતિ ... ... ... ... | ૨-૧૨૧ |
| ૩ | નવીન વર્ષ ... ... ... ... ... | ૨ |
| ૪ | ચિંતામણી એક વાર્તા | ૪, ૨૬, ૫૫, ૭૯, ૧૦૯, ૧૨૩, ૧૫૦ ૧૭૦, ૨૦૭, ૨૪૮. |
| ૫ | ગ્રહસ્થા વાસમાં કેવળ જ્ઞાની ... | ૮, ૪૩, ૧૧૨. |
| ૬ | વિમલચંદ્ર સૂરિ અને પ્રશ્નોતર રત્નમાલા | ૧૭, ૬૫, ૮૩, ૧૩૩, ૧૬૧, ૨૨૫, ૨૬૩, ૨૮૯. |
| ૭ | વ્યવહાર શુદ્ધિ... ... ... | ૨૧, ૩૯, ૬૫, ૮૬, ૧૧૬. |
| ૮ | તાલધ્વજ ગિરિ અને સુરિશ્રી આનંદવિજયજીની મૂર્તિ | ૨૩ |
| ૯ | વર્તમાન સમાચાર ... ... ... ... | ૨૪ |
| ૧૦ | પર્યુષણ પર્વ નિમિત્ત પ્રભુ સ્તુતિ ... ... | ૨૫ |
| ૧૧ | પર્યુષણ પર્વ નિમિત્ત મિથ્યા દુષ્કૃત ... ... | ૨૬ |
| ૧૨ | બ્રહ્મચર્ય પ્રભાવ (નર્મદા સુંદરી.) | ૨૬, ૫૧, ૭૪, ૧૨૯, ૧૫૦, ૧૭૬, ૨૧૨, ૨૩૫, ૨૫૫ |
| ૧૩ | જૈન કોન્ફરન્સનું શુદ્ધ કર્તવ્ય શું છે ... | ૩૫, ૬૦ |
| ૧૪ | દક્ષિણ જૈન શ્વેતાંબર પ્રાંતિક કોન્ફરન્સ જૈનશાળાની યોજના | ૪૫ |
| ૧૫ | રોહિશાળા પાંજરાપોળ ... ... ... | ૪૭ |
| ૧૬ | પુસ્તકાવલોકન ... ... ... ... | ૪૮ |
| ૧૭ | પ્રભુ સ્તુતિ. | ૪૯, ૭૩, ૯૭, ૧૨૧, ૧૪૫, ૧૬૯, ૧૯૫, ૨૧૯, ૨૪૭ |
| ૧૮ | મિથ્યાત્વીને ઉપદેશ ... ... ... ... | ૪૯ |
| ૧૯ | ગુરૂભક્તિ મહિમા ... ... ... | ૫૦, ૭૩ |
| ૨૦ | શ્રીજૈન આત્માનંદ સભા અને માસિક સંબંધી હકીકત | ૭૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૧ આ સભામાં દાખલ થયેલા માનવંતા લાઇફ મેમ્બરોનું લીસ્ટ ૭૨, ૯૬.

૨૨ તૃતીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ... ... ૯૨

૨૩ પાલીતાણામાં ઉદ્યાપન મહોત્સવ ... ... ૯૫

૨૪ જૈન કોન્ફરન્સના તૃતીય વિજયનું ગીત ... ... ૯૭

૨૫ વડોદરામાં મળેલી ત્રીજી શ્વેતાંબરી જૈન કોન્ફરન્સ ૯૯

૨૬ જૈનો જાગૃત થાઓ ... ... ... ... ૧૩૯

૨૭ વૃત્તાંત સંગ્રહ ... ૧૪૩, ૧૯૨, ૨૧૫, ૨૪૦, ૨૬૮

૨૮ આત્માનંદ પ્રકાશનું આશાષ્ટક ... ૧૪૫, ૧૬૯

૨૯ વૈરાગ્ય-તરંગ ... ... ... ... ૧૪૬

૩૦ મિચ્છામી દુક્કડં વિવક્ષા ... ... ... ૧૬૬

૩૧ આત્માને કર્મ બંધમાંથી મુક્ત કરવાનો ઉપાય ... ૧૮૯

૩૨ શોકોદ્‌ગાર ... ... ... ... ... ૧૯૫

૩૩ આત્માનંદ સભા અને આત્માનંદ પ્રકાશના પ્રવર્તક વકીલ મૂળચંદ નથુભાઇનો સ્વર્ગવાસ ૧૯૭

૩૪ કાલ ચરિત ... ... ... ... ૨૧૯

૩૫ જીવતત્ત્વમાં મતિભ્રમ ... ... ... ૨૨૧

૩૬ કચ્છ મહોદય ... ... ... ... ૨૩૦

૩૭ ભવાટવીમાં ભ્રમણ ... ... ... ૨૩૭, ૨૬૦

૩૮ પ્રાંતિક જૈન મહાસમાજનો વિજયોત્સવ... ... ૨૬૪

૩૯ પ્રભુ સ્તુતિ ... ... ... ... ... ૨૭૧

૪૦ જીવન પ્રદીપ ... ... ... ... ... ૨૭૧

૪૧ બેંગાલીમત સમીક્ષા ... ... ... ... ૨૭૩

૪૨ "મધ્યસ્થ ભાવનો મુદ્રાલેખ"... ... ... ૨૯૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું   વિક્રમ સંવત ૧૯૬૦— શ્રાવણ.   અંક ૧ લો.

## वर्षारंभे मांगल्यस्तुति.

स्याद्वादरस लुब्धानां स्याद्वादरस दानतः ।
दानवीरस्य वीरस्य जीयाज्जगति शासनम् ॥ १ ॥

### શાર્દૂલવિક્રીડિત.

જે સત્તત્વ સુધારસે[1] રસધરી રાચે[2] સદા રંગમાં,
યાચે[3] દેવનરેશ પૂર્ણ પદને જે પાસ જૈ સંગમાં;
જ્યાં ભાવે ભવિકો ભવે ભટકતા આવે સદા શરણમાં,
આનંદેથી નમો નવીન વર્ષે તે નાથના ચરણમાં. ૧
આરાધે અખિલેશ[4] આત્મપદને જે અંતરાનંદમાં,
સાધે જે શિવધામ[5] કામ હરિને આવે નહીં ફંદમાં;
આ લોકે સમભાવથી સકલ જે આપે વપુર્વર્ણમાં[6],
આનંદેથી નમો નવીન વર્ષે તે નાથના ચરણમાં. ૨

૧ અમૃતરસમાં. ૨ હર્ષપામે. ૩ માગે. ૪ સર્વનાસ્વામી. ૫ મોક્ષનું. ૬ શરીરના વર્ણમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી ગુરૂસ્તુતિ.

( હરિગીત )

ગુરૂ ભક્તિના શુભ ભાવથી ગુણગીત કંઠે ગાજજો,
કરી નમન નિર્મલ ચિત્તને તે ચરણમાંહિ નિવાજજો;
ભવરંગ કેરો ભંગ કરવા સંગ છોડો આ બધો,
આનંદ વિજયાનંદ સુરિવર શરણથી નિત્યે વધો. ૧
ગુરૂ ચરણ રજમાં રમણ કરતાં ભકિતનો રસ જામજો,
ગુરૂના પ્રભાવિક નામથી ભવતાપ સર્વે વામજો;
સાનંદ સદ્ગુરૂ સ્મરણ કરતાં સમય કાઢો તે બધો,
આનંદ વિજયાનંદ સુરિવર શરણથી નિત્યે વધો. ૨

## નવીનવર્ષ.

પ્રિય વાચકવૃંદ, ગુરૂ ભકિતના રસરંગથી દેદીપ્યમાન, ગુરૂવર્ય ના નિર્મલ નામથી અલંકૃત, સાધર્મી બંધુઓની સેવામાં ચારિતાર્થ અને ગુરૂ ગુણના ગૌરવથી ગર્જિત થતું આ આત્માનંદ પ્રકાશ દ્વિતીયવર્ષમાં પ્રવેશ કરેછે. સર્વ પ્રકારના પ્રાપંચિક વિષયોથી દૂર રહી માત્ર **આત્માનંદ પ્રકાશ** એ નામને અનુસરીને ધાર્મીક અને સદ્બોધક વિષયોના વાચકોને સ્તુત્યાત્મક કવિતા, ગુરૂભક્તિ, ધર્મવીરોની કથા, ઉપયોગી અને પ્રાસંગિક ચર્ચા, સસ્કૃત ભાષાના ઉત્તમ લેખોના ભાષાંતર ઈત્યાદિ જ્ઞાનવૃદ્ધિના સંગીન વિષયો પૂરા પાડવા આ માસિક પોતાની શકત્યનુસાર સતત્ પ્રવૃત્તિ કરવા યત્નવાન્ થયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ માસિકનો બીજો હેતુ જૈનશાસ્ત્રીયજ્ઞાન અને તેના ઉત્તમ દ્રષ્ટાંતો પ્રગટ કરવાનો છે. તે સાથે સાધર્મી બંધુઓનો ગૃહવ્યવહાર, તેમનો નિતિભરેલો સદાચાર અને તેમની શુદ્ધ ધાર્મીકક્રિયા યથાર્થ રીતે સચવાય તેવા શાસ્ત્ર માન્ય વિષયોને કલ્પિત કથાઓ દ્વારા પ્રગટ કરવા પણ આ માસિકની ધારણા છે.

વર્તમાન કાલમાં જૈન મતના ગ્રંથો શુદ્ધ ગુર્જર ભાષામાં રચાય તે જોવાને અમે બહુ ઉત્સુક છીએ; પરંતુ પ્રાચીન સમર્થ વિદ્વાનોએ એવા અને એટલા બધા ગહન ઉત્તમ ગ્રંથો રચ્યાછે કે તે સર્વનું રહસ્ય હજુ આપણે આપણી ભાષામાં લાવી શક્યા નથી. એટલુંજ નહીં પણ તે લાવવાને હજુ ઘણો કાળ જોઈશે. એ વિચારને અનુસરીને વિદ્વાન મુનિઓના આશ્રયથી આ માસિકમાં કેટલા એક શાસ્ત્રીય ગ્રંથોનું ભાષાંતરરૂપે દોહન કરવા અંતરંગ ઇચ્છા રાખી છે.

છેવટે સર્વને અમારી નમ્ર પ્રાર્થના છે કે, ગુરૂભક્તિથી અલંકૃત એવા સુજ્ઞગ્રહસ્થો આ બાલવયના માસિકને આશ્રય આપી જ્ઞાન વૃદ્ધિના મહા પુણ્યને ઉપાર્જન કરવા તત્પર થશે અને પ્રતિદિન તેના ઉદયની અભિવૃદ્ધિ કરવા બદ્ધ પરિકર થશે.

"तथास्तु"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચિંતામણી

## એક ચમત્કારી વાર્ત્તા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૨૫૬ થી ચાલુ )

**धार्मिका बुद्धिसंपन्ना श्चातुर्यसमलंकृताः ।**
**अधनाःसधनाः सर्वे मोहराजस्य किंकराः ॥ १ ॥**

### પ્રકરણ ૩ જું.

### વલ્લભીપુરમાં ખળભળાટ.

જે રાત્રે ચિંતામણિ વલ્લભીપુરને છોડી ચાલ્યો ગયો હતો, તે રાત્રિ તેની પત્ની વિમલા શિવાય બીજા કોઈને કષ્ટદાયક થઇ નહતી. સદ્‌ગુણી વિમલા એકજ ચિંતામણિનો ચારિત્ર લેવાનો વિચાર જાણતી હતી. જ્યારે રાત્રિનો એક પ્રહર થયો, બીજો થયો તોપણ પોતાનો પતિ શયનગૃહમાં આવ્યો નહીં, તેથી તેણીના શંકિત હૃદયમાં અનેક સંકલ્પવિકલ્પ ઊઠવા લાગ્યા. છેવટે એ ચતુર રમણીએ નિશ્ચય કર્યો કે, જરૂર મારા પતિ આ નગરને છોડી ચાલ્યા ગયા. હવે શાંતિ રાખી બેસી રહેવું એજ ઉત્તમ છે. આ સમયે આ વાર્તા જો મારા પૂજ્ય સાસુ સસરાને કહું તેથી કાંઇ મને લાભ થવાનો નથી. તેઓ બિચારા નિશ્ચિંત થઈ સુતા છે, તેમની નિંદ્રાનો ભંગ કરી તેમને મારી જેમ ચિંતા રૂપ સાગરમાં શા માટે મગ્ન કરવા? જે થવાનું હશે તે થશે, મારા ભાગ્યમાં પતિ સુખનો આટલોજ અવધિ હશે. હું મારા સાંસારિક સ્વાર્થને સાધવા મોહ વશ થઇ તે પતિને ચાહું છું પણ ખરી રીતે જોતાં તેઓ સંસારના પાશમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક્ત થઇ સદાને માટે સુખી થવા પ્રયત્ન કરે છે. તેમનો પ્રયત્ન સર્વરીતે સ્તુત્ય છે. ભવ સાગરમાં ડુબતાં મનુષ્યોને ચારિત્રનું નાવ પુણ્ય યોગેજ મલેછે. ભલે તેઓ આત્મકલ્યાણ સાધવા તત્પર થાય.

આવો વિચાર કરી વિવેકી વિમલા શય્યા ઉપર સુઈ ગઇ. પોતે પતિ સંબંધી ચિંતા દૂર કરી, નેત્ર મીંચી નિદ્રાનું આહ્વાહન કરવા લાગી પણ તેણીના હૃદયમંદિરમાંથી હઠીલી ચિંતા દૂર થતી ન હતી. નિદ્રા અને ચિંતા વચ્ચે યુદ્ધ ચાલતું હતું. છેવટે નિદ્રાનો પરાભવ થતો હતો. એમ કરતાં રાત્રિનો પશ્ચિમ ભાગ આવ્યો. તે સમયે ગુલાબી નિદ્રાએ ક્ષણવાર ચિંતાને હઠાવી હૃદય મંદિરનો કબજો લીધો. પણ તે ગાઢ નિદ્રા ન હતી, સ્વપ્ન નિદ્રા હતી. સ્વપ્નામાં વિમલાએ પોતાના પતિના મુનિ રૂપે દર્શન કર્યાં. ચિંતામણિની ગૃહસ્થ પ્રતિમાં બદલાઇ ગયેલી જોવામાં આવી. ચિંતામણિના શરીર ઉપર સંવેગી સાધુનો પવિત્ર વેષ જુદીજ રીતે દેખાતો હતો. ગૃહસ્થના જેવો તે સુશોભિત ન હતો પણ વૈરાગ્યની શાંત મુદ્રાથી દિવ્યતાને દર્શાવતો હતો. બાહ્ય અલંકારોની કૃત્રિમ શોભા જોવામાં આવતી ન હતી. પણ સંવેગના અંતરિક અલંકારો તેના નિર્મલ વપુને દીપાવતા હતા. આવી શ્રૃંગાર રહિત છતાં ભવ્યતાનો આભાસ કરતી ચિંતામણિની દિવ્ય પ્રતિમા વિમલાના નેત્ર આગલ ખડી થઈ તેણીના હૃદયમાં ભવ્યતાનું બીજ હતું તેથી તે બાલાએ આદરપૂર્વક વંદના કરી, અને સુખશાતા પુછી. તેણીની પતિ બુદ્ધિ બદલાઇને ગુરૂ બુદ્ધિ રૂપ થઇ ગઇ. સંસારની મોહમય વાસના તુટી ગઈ. પૂર્ણ ભાવનાથી વંદના કરી કાંઈપણ ઈચ્છા કરવાની ઈચ્છા થઈ પણ એ શાંત મૂર્ત્તિ મહામુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મલાભ ઉચ્ચારી અધો દ્રષ્ટિએ ઊભા રહ્યા અને વિમલાના દ્રષ્ટિ માર્ગથી દૂર થવા તરતજ ચરણ ક્ષેપ કરવા લાગ્યા. મુનિના ચરણ ક્ષેપની સાથેજ વિમલાના મગજમાં રહેલી નિદ્રાએ ચરણક્ષેપ કર્યો. ચિંતાતુર ચતુરા જાગી ઉઠી અને સ્વપ્ના વિષે વિવિધ વિચારો કરવા લાગી.

"પ્રાણનાથ, શું આપે કાર્ય સાધી લીધું ? શું આ અનાથ વિમલાને સંસારના વમલમાં ફેંકી આપ એકાકી ચાલ્યા ગયા..? અસ્તુ. આપે પરમાર્થ માટે સ્વાર્થ સાધ્યો પણ આ વિમલાનું શું થશે તે વિચાર્યું નહીં. પ્રાણેશ, આપે પ્રથમ શ્રાવક ધર્મ જાણવો હતો. જો શ્રાવક ધર્મ બરાબર જાણ્યો હોત તો આમ સાહસિક પણે વિમલાનો ત્યાગ ન કરત ! શ્રાવક ધર્મમાં માતા પિતાની આજ્ઞા વિના પુત્ર ચારિત્ર લેવાનું કાર્ય કરી શકે નહીં તેવું ફરમાન છે. જંગમ તીર્થની અવજ્ઞા કરી ઇતર તીર્થ સાધવામાં શ્રાવકપુત્રને ઘણું વિચારવાનું છે." આટલું બોલી વિમલા શય્યામાંથી બેઠી થઈ શયનગૃહની બાહેર આવી. જોવે ત્યાં રક્ત અરૂણોદય થયેલો જોવામાં આવ્યો. ગૃહના બીજા ભાગમાં પણ ખલભળાટ થવા માંડયો. શેઠ અમૃતચંદ્ર જાગ્રત થઇ બાહેર આવ્યા. શેઠાણી યતના પણ પ્રાતઃકાલની શૌચ ક્રિયામાં પ્રવૃત્તિ કરવા લાગ્યા. વિમલાને વિચાર થયો કે, મારા સાસૂ સસરા અદ્યાપિ અજ્ઞાત છે. તેઓ સમજે છે કે, અમારો પુત્ર ચિંતામણિ રાત્રે આવી સ્વતઃ સુઇ ગયેલ હશે. હમણા તેઓ તેને માટે તપાસ કરશે. તે વખતે મારે શું કહેવું ? આવી વિચારમાલા ધારણ કરતી વિમલા શયનગૃહમાંથી બાહેર અને બાહેરથી શયનગૃહમાં એમ આંટા ફેરા મારવા લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિં શેઠ અમૃતચંદ્ર શૌચ ક્રિયા કરી દંતધાવન કરવા બેઠા. સેવકે આવી નિર્મળ પ્રાસુક જલની ઝારી તેમની પડખે મુકી. દંતધાવનની ક્રિયા સમાપ્ત કરી રહ્યા પછી પોતાના પ્રિય પુત્રનું સ્મરણ થયું. "હજુ સુધી ચિંતામણિ કેમ ઊઠયો નહીં હોય? કુલવધૂ વિમલા પણ હરતા ફરતા કેમ જોવામાં આવતા નથી? હંમેસા ચિંતામણિ વેહેલો ઊઠે છે અત્યારે તો આવી મારી સાથે દંતધાવન કરવા બેસે છે. આજે શું થયું હશે? તેની તબીયત તો સુખાકારી હશે?" આમ ચિંતવી શેઠે સેવકને આજ્ઞા કરી કે, ચિંતામણિ કેમ ઊઠયો નથી? તે તપાસ કરી સત્વર ખબર આપ.

શેઠની આજ્ઞા થતાંજ સેવક ઘરના ઊપરના ભાગમાં ગયો. એ વિશાલ ગૃહની ઊપર ઊત્તર તરફ ચિંતામણિનું શયનગૃહ આવેલું હતું. તેના અગ્ર ભાગમાં નવરંગિત ચિત્રો લટકાવ્યા હતા. દ્વારની શાખાના મધ્ય ભાગે કેટલાએક ધાર્મિક પુરૂષોના ચિત્રોની શ્રેણી આવેલી હતી. તેની નીચે શયનમાંથી ઊઠતાં પ્રથમ ગુરૂના પવિત્ર દર્શન કરવા માટે મુનિમહારાજોની શાંતાત્મક સુંદર મૂર્ત્તિઓ ગોઠવેલી હતી. જેમાં મુનીશ્વર શ્રી વિજયાનંદસૂરિની ભવ્ય મૂર્ત્તિ તથા ગાંભીર્ય મહોદધિ શ્રી વૃદ્ધિચંદજી મહારાજની મૂર્ત્તિ દર્શકોના નેત્રને વિશેષ આકર્ષતી હતી. તેની આસપાસ તીર્થરાજ શ્રી સિદ્ધાચલની ભવતારક ટુંકોના ફોટોગ્રાફ રાખવામાં આવ્યા હતા. તેની નીચે દર્પણમય કમાડવાલા નકસીદાર કબાટો ગોઠવ્યા હતા, જેમાં જૈનધર્મના પુસ્તકોનો મોટો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

સેવક શયનગૃહની દ્વાર આગલ આવી ઊભો રહ્યો, ત્યાં વિમલા બાહેર આવી ઊભી રહી. સેવકે નમ્રતાથી કહ્યું, "ચિંતામણીભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાં છે? જાગ્રત થયા છે કે નહીં? શેઠ તેમને યાદ કરે છે." વિમલાએ દીર્ઘ વિચાર કરી ઉત્તર આપ્યો. શેઠને કહો કે, તેઓ ગઈ રાતના દુકાનેથી આવ્યાજ નથી. દુકાને સુઈ રહ્યા હોય તો તપાસ કરો. આ ઉત્તર સાંભળી તત્કાલ સેવક ઉતાવળો નીચે ઉતરી શેઠ ની પાસે આવ્યો. અને દીનવદને શેઠને તે હકીકત જણાવી. તે સાંભળતાંજ અમૃતચંદ્ર શેઠ ચિંતાતુર બની ગયા. અને પોતાની પત્નીને તે વાત જણાવી તેજ સેવકને દુકાન ઉપર તપાસ કરવાને મોકલ્યો. શેઠાણી યતના તો ગાભરી બની ગઈ અને નેત્રમાંથી અશ્રુ પાડતી ખિન્નવદને બોલી—સ્વામિનાથ, ચિંતામણિ કોઈવાર પણ આપણી આજ્ઞા શિવાય દુકાને સુઈ રહ્યો નથી. આ શું બન્યું હશે? વિમલા અને તેની વચ્ચે કાંઈ ક્લેશ તો નહીં થયો હોય.? શેઠે કહ્યું, જે હશે તે હમણાંજ જણાશે. તેવામાં પેલો સેવક દોડતો દોડતો આવ્યો અને તેણે કહ્યું કે, 'ચિંતામણિભાઇ દુકાને સુતા નથી' આ સાંભળતાંજ શેઠ અમૃતચંદ્ર અને યતના મૂર્છા પામી પૃથ્વી પર ઢળી પડયા.

સંપૂર્ણ.

# ગૃહસ્થાવાસમાં કેવલજ્ઞાની.

( અનુસંધાન ગતાંક પાના ૨૭૨ થી )

કેવલી ભગવંતની ચિત્તને ચમત્કાર ઉત્પન્ન કરનારી તથા મનોહારિણી દેશના સાંભળતાંજ યક્ષણીને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. તે કેવળી ભગવંતની શુદ્ધ મનથી ભક્તિ કરવા લાગી. વળી દુર્લભ કુમારનેતો સંપુર્ણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે પ્રબળ સંવેગ ભાવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊદયથી કૃપામહોદધિ શ્રી કેવળી ભગવંતની પાસે ચારિત્ર ધર્મને અંગીકાર કરવા ઉજમાળ થયો. કેવળી ભગવંતે તેને દિક્ષા આપી. અનુક્રમે ચારિત્ર ધર્મનું આરાધન કરતાં સ્થિવિર મુનિરાજ સમીપે મહા-ઉદ્યમ પૂર્વક જ્ઞાનાધ્યયન કરતાં તેણે ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો. દુષ્કર તપશ્ચર્યા યુક્ત પંચ મહાવ્રત રૂપ ચારિત્રધર્મ પાળતાં પોતાના માતા પિતા જેઓ સાધુ સાધવી થયેલાછે તેઓની સાથેજ વિહાર કરે છે. અનુક્રમે અનેક ઉપસર્ગ તથા પરીસહોને સહન કરતાં શુદ્ધ ચારિત્ર ધર્મને પાળી અંતે સંલેષણા અણસણ કરી સમાધિ અવસ્થામાં કાળધર્મપામી દુર્લભકુમાર મુનિ તથા તેના માતાપિતા ત્રણે આત્માઓ મહાશુક્ર નામના સાતમા દેવલોકને વિષે મંદિર નામના દેવવિમાનમાં દેવપણે ઊત્પન્ન થયા. યક્ષણી દેવીપણ શુધ્ધરીતે સમ્યગ્ દર્શનને આરાધતાં તે ભવથકી ચવીને વિશાળા નામની નગરીમાં રાજપુત્રીપણે ઉત્પન્ન થઇ માત પિતાએ તેણીનું કમળા એવું નામ પાડયું કમળા યૈવનવય પ્રાપ્ત કરતાં માતા પિતાને તેણીને યોગ્ય એના વરની સાથે પાણી ગ્રહણ કરાવવાની ચિંતા થઇ. પોતે જૈન ધર્મી હોવાથી પુત્રીને પણ બાલ્યાવસ્થાથી જૈનધર્મનાજ સંસ્કાર થયા હતા. સદ્ગુરૂની પાસે જૈન ધર્મનું સારૂં જ્ઞાન તેણીએ સંપાદન કર્યું હતું. આવા જૈનધર્મના સંસ્કાર પામેલી પુત્રીને મિથ્યાત્વીની સાથે સંબંધ કરાવવામાં આવે તો તે અત્યંત અનુચિત થાય એવો વિચાર નિરંતર માતા પિતાના અંતઃકરણમાં વ્યાપેલો હોવાથી, મહારીદ્ધિવંત રાજપુત્ર જો મિથ્યાત્વી હોય તો તેની અપેક્ષા નહીં રાખતાં અલ્પ રીદ્ધિવંત પણ જૈનધર્મી રાજપુત્રની સાથે પોતાની પુત્રીનું પાણીગ્રહણ કરાવવાનો નિશ્ચય કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે સંશોધન કરતાં ભમર નામનો કોઇ સામાન્ય રીદ્ધિવાળો રાજપુત્ર તે કમળાને યોગ્ય પ્રાપ્ત થયો. બંનેના લગ્ન થયા. ભમર રાજા અને કમળારાણી જૈન ધર્મનું પ્રતિ પાલન કરતાં શ્રાવકના બાર વ્રતને અંગીકાર કરતા હવા. સત્ય અને શિયળવ્રતના શૃંગારરૂપ થઈ અંત સમયે અણસણ કરી શુભ અધ્યવસાયે કાળકરી તે બંને આત્માઓ મહાશુક્ર નામના સાતમા દેવલોકના તેજ મંદિર નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

એવા સમયમાં જંબુદ્વીપમાં ભરત ક્ષેત્રને વિષે આવેલા મગધ નામના દેશમાં રાજગ્રહી નામની પ્રસિદ્ધ રાજયધાની છે. રાજગ્રહી નગરીના લોકો ધન ધાન્યાદિ સંપત્તિથી પરિપૂર્ણ છે. વૈભવમાં વૃદ્ધિ પામેલા છે. સુખમાં સંપૂર્ણ છે. કળાઓમાં કુશળ છે. જ્ઞાનમાં ગરિષ્ટ છે. વિદ્યાના વિલાસી છે. વિનય વિવેકમાં વૃદ્ધિ પામેલા છે. સર્વે નાગરિક જનોના નિવાસો રાજ્ય મંદિરોની સાથે હરીફાઇ કરનારા છે. એવી સકળ સુખ સમૃદ્ધિવાન પ્રજાની ઉપર મહેંદ્રસિંહ નામનો રાજા રાજ્ય કરે છે. શત્રુ રૂપ મદોન્મત હસ્તિ-ઓનું વિદારણ કરવાને તે રાજા કેશરીસિંહ સમાન છે. સર્પરૂપ પાપી આત્માઓને પાયમાલ કરવાને ગરૂડ સમાન છે. સમરાંગ-ણમાં સેંકડો સુભટોને; એકલમલ્લ યોદ્ધાની જેમ એકાકી જીતવાને સમર્થ છે. તે રાજાના હૃદય મંદિરમાં નિરંતર શાંતિ પ્રવાહને પ્રવ-ર્ત્તાવનારી કુર્મા નામની પટરાણી છે. કામદેવની રતિ પત્નિની સાથે રૂપમાં સ્પર્ધા કરનારી અને ઇંદ્રની ઈંદ્રાણીના રૂપ રંગના મરોડને મરડનારી તે અદ્વિતીયા રૂપવતી છે. સ્ત્રીની સર્વ કળા-ઓમાં અતિ નિપુણ છે. વિનય, વિવેક, વિચાર આદિ શુભ ગુણોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રહસ્થાન છે વ્યવહારિક કાર્યોથી સંતપ્ત થયેલા પોતાના સ્વામિના અંતકરણને શાંત કરી પ્રમોદ પમાડવામાંજ નિરંતર અપ્રમત્તપણે પ્રવર્ત્તનારી છે. પાંચેઇંદ્રીયોના મનોજ્ઞ ભોગ વિલાસ પતિના સુખાર્થે સંપાદન કરવામાં અહોનિશ પ્રયાસ કરનારી છે. જેમ ઈંદ્ર ઇંદ્રાણીની સાથે સુખ વિલાસ ભોગવતો કાળ નિર્ગમન કરે છે તથા જેમ રતિ પતિ રતિ પ્રિયાની સાથે હાવ ભાવાદિ શ્રૃંગાર સુખને અનુભવે છે તેમ મહેંદ્રસિંહ રાજા કુર્મારાણીની સાથે સુખ વિલાસાદિ ભોગવતો કાળ નિર્ગમન કરે છે.

એકદા કુર્મારાણી રાત્રિને વિષે પોતાના શયન ગૃહમાં સુખ શય્યાએ પોઢેલી છે. તેવા અવસરમાં મધ્ય રાત્રિને સમયે પોતે કાંઈક અર્ધ જાગ્રત તથા અર્ધ નિદ્રાઅવસ્થામાં એક મનોહર દેવ વિમાનને સ્વપ્નાવસ્થામાં દેખતી હવી. અત્યંત આશ્ચર્ય જનક તે સ્વપ્ન દેખતાંજ રાણી તત્કાળ જાગી ઊઠી. ફરી નિદ્રા ન પ્રાપ્ત થાય એવા વિચારને ધારણ કરતી એવી તેણીએ પ્રાતઃકાળ સુધી જાગ્રત અવસ્થામાંજ રાત્રિને નિર્ગમન કરી. પ્રભાત સમયે શય્યામાંથી ઊઠી સ્વસ્થ થઈ પોતાના પ્રાણનાથની સમીપે સ્વપ્ન સંબંધી સર્વ વૃત્તાંત યથાસ્થિત રૂપે નિવેદન કરવાને ગઈ. મહેંદ્રસિંહરાજાની હજુરમાં પહોંચતાંજ પ્રથમ પ્રણામ કરી મધૂર વાણીએ વિનય સહિત સ્વપ્નનો વૃત્તાંત કહેવા લાગી.

સ્વામિનાથ! આજે મધ્ય રાત્રિને સમયે સુખ શય્યામાં હું કાંઈક જાગ્રત તથા નિદ્રા અવસ્થામાં હતી તે સમયે મને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મેં અત્યંત મનોહર એવું દેવ વિમાન દીઠું. સ્વપ્નમાં દેવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિમાન દેખતાંજ હું જાગી ઉઠી. ફરી નિદ્રા ન લીધી. હે નાથ મને એ સ્વપ્નથી શું ફળ થશે ?

રાણીના મુખથી સ્વપ્ન સંબંધી સર્વ વૃત્તાંત સાંભળતાંજ મહેંદ્રસિંહ રાજાની રોમરાજી વિકસ્વર થઈ. તેના હૃદય મંદિરમાં આનંદોત્સવ થઈ રહયો. પોતે બુદ્ધિ નિધાન હોવાથી ઉત્તમ સ્વપ્નનો ભાવ તેના મગજમાં ચળકી ઉઠયો. રાણી સન્મુખ જોઈ હર્ષયુક્ત ચિત્ત સહિત કહ્યું કે હે દેવિ ! તમોને નવમાસ પરિપૂર્ણ થયાપછી સાત દિવસ તે ઉપરાંત વ્યતીત થયે, પાંચે ઈંદ્રિયોથી પરિપૂર્ણ, શુભલક્ષણો તથા ઉત્તમ ગુણોએ સહિત અને જગજનના ચિત્તને પ્રમોદ કરનારો એવો મહા તેજસ્વી પુત્ર ઉત્પન્ન થશે. રાજાના મુખથી સ્વપ્નનું ફળ સાંભળતાંજ કુર્મારાણીનું અંતઃકરણ હર્ષથી ગદ્ગદિત થઈ ગયું. મનમાં મહા સંતોષને ધારણ કરતી, રાજાની આજ્ઞાને ગ્રહણ કરી તેના વચનને તહત્તિ કરતી, રાજાની સમીપમાંથી ઉઠીને પોતાના ભુવનમાં આવી.

સ્વપ્નને પ્રભાવે દુર્લભ કુમારનો જીવ, સાતમા દેવલોક થકી દેવતા સંબંધી આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચવી પૂર્વ કૃત પુન્યને યોગે જેમ રાજહંસ માનસરોવરમાં ઉત્પન્ન થાય, જેમ રત્નની ખાણમાં રત્ન ઉત્પન્ન થાય, જેમ છીપને વિષે મોતી ઉત્પન્ન થાય. તેમ રાણીની કુક્ષીને વિષે પુત્ર પણે ઉત્પન્ન થયો. ઉત્તમ ગર્ભને પ્રભાવે રાણીને ઉત્તમ દોહલા ઉત્પન્ન થવા લાગ્યા. રાજા પણ તે દોહલાને સમ્યક્ પ્રકારે પરિપૂર્ણ કરવા લાગ્યો. અનુક્રમે ત્રીજો માસ થતાં કુર્મા રાણીને ધર્મ શાસ્ત્ર શ્રવણ કરવાનો દોહલો ઉત્પન્ન થયો. રાણીને ધર્મશાસ્ત્ર શ્રવણ કરવાની પ્રબળ ઈચ્છા થતાં નગર મધ્યેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષટ્દર્શનના પૃથક પૃથક પંડિતોને પોત પોતાના ધર્મ શાસ્ત્રો શ્રવણ કરાવવા સારૂ રાણીની સમીપે બોલાવ્યા

પ્રથમ સાંખ્ય દર્શનના પંડિતે આવતાં પેહેલાં શુદ્ધ થવા નિમિત્તે પ્રથમ સ્નાન કર્યું. પછી પોતાના ઈષ્ટ દેવની પૂજા કરી. માંગલિક અર્થે તદંતર ઉત્તમ પદાર્થો ગ્રહણ કરી હાથમાં પુસ્તક ધારણ કરી રાજ ભુવનમાં આવ્યો. આવીને તરતજ રાજાને આશીરવાદ દીધો. રાજાએ તેનો અતિઆદર સત્કાર કર્યો. સિંહાસન અંગીકાર કરવા વિનતી કરી. તે ઉપરથી સિંહાસન ઉપર બેસી તેણે ધર્મ દેશના દેવા માંડી. રાજા રાણી તેની સન્મુખ ઊચિત સ્થાને બેઠા.

પંડિતે કહ્યું કે, હે મહાદેવિ ! સાંખ્ય દર્શન બે પ્રકારનું છે. એક પ્રાચીન સાંખ્ય અને બીજુ અર્વાચીન સાંખ્ય. અર્વાચીન સાંખ્ય દર્શનને પાતંજલ દર્શન પણ કહે છે. પ્રાચીન સાંખ્યવાદી ઈશ્વરને માનતા નથી. પાતંજલ દર્શન ઇશ્વરને માને છે. પ્રાચીન સાંખ્ય નારયણને પરમોત્કૃષ્ટ માને છે અને તેના આચાર્યં વિષ્ણુ પ્રતિષ્ઠાકારક કહેવાય છે. સાંખ્યમતના સ્વરુપને બતાવનારા અનેક આચાર્યો થયા છે. જેમાં કપિલ, આસુરિ, પંચશિખ, ભાર્ગવ, ઊલૂક, ઇશ્વર, કૃષ્ણ, એ મુખ્ય છે. તેઓએ અનેક શાસ્ત્રોની રચના કરેલી છે. પ્રાચીન સાંખ્ય તે કપિલદર્શન પણ કહેવાય છે. વલી કપિલનું પરમાર્ષિ એવું બીજું પણ નામ છે; અને તે નામને લઈને સાંખ્યો પારમર્ષા પણ કહેવાય છે. અમારા સાંખ્ય દર્શનમાં તપ કરવાની મુખ્ય આજ્ઞા છે, તેથી આ દર્શનના અનુયાયીઓ માસ પર્યંત ઉપવાસ કરે છે. જેમ બ્રાહ્મણો યજ્ઞમાર્ગાનુયાયી છે તેમ અમે આર્ષ માર્ગાનુયાયી છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંખ્ય દર્શન હિંસાથી પૂર્ણ એવા વેદને કદાપિ સ્વિકારતું નથી. સાંખ્ય દર્શનનો અધ્યાત્મવાદ એવી પ્રરૂપણા કરે છે કે—

**हसपिब चखादमोदं, नित्यं भुंक्ष्व च भोगान् यथाऽ भिकामं ॥ यदि विदितं कपिलमतं, तत् प्राप्स्यसि मोक्ष सौख्यमचिरेण ॥ १ ॥ इति माठरशास्त्रे ॥**

અર્થઃમાઠર શાસ્ત્રમાં કહ્યું છે કે જો તમે કપિલ દર્શન જાણ્યું હોય તો પછી હસો, પીઓ, ખાઓ, ખુશીરહો કે રૂચિ પ્રમાણે નિરંતર ભોગ ભોગવો તો પણ તમને અલ્પ કાળમાં મુક્તિ સુખ પ્રાપ્ત થશે.

અમારા બીજા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

**पंचाविंशति तत्वज्ञो, यत्र तत्राश्रमेरतः ॥**
**शिखी मुंडी जटीवापि, मुच्यते नात्र संशयः ॥ १ ॥**

અર્થ—પચવીશ તત્વને જાણનાર પછી ગમે તે આશ્રમમાં રહેતો હોય, તે શિખાવાળો હોય, મુંડિત હોય કે જટા રાખતો હોય તો પણ આ સંસારની ઉપાધિથી અર્થાત્ જન્મ મરણાદિની ઉપાધિથી મુક્ત થાય છે. તેમાં કાંઈપણ સંશય નથી.

સાંખ્ય દર્શનમાં સર્વ સાંખ્ય પચીશ તત્વ માને છે. એ પચીશ તત્વનું સ્વરૂપ હું આપને હવે પછી જણાવીશ. તે પહેલાં સાંખ્ય દર્શનના સાધુઓ કેવા હોય છે તેનું સ્વરૂપ જણાવુંછું.

સાંખ્ય દર્શનના સાધુઓ એક સરખા હોતા નથી. કેટલાએક ત્રિદંડી હોય છે. કોઈ મસ્તક ઉપર શિખા રાખે છે. કોઈ જટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખે છે, કોઈ મસ્તક ઉપર ક્ષૌરમુંડ કરાવે છે. કોઈ કોપીન પેહેરે છે. સર્વે ધાતુરક્ત વસ્ત્ર રાખે છે. મૃગચર્મનું આસન રાખે છે. બ્રાહ્મણના ઘરનું અન્ન ખાય છે. કોઇ પાંચજ ગ્રાસ ખાય છે. તેઓ સર્વે બાર અક્ષરનો જાપ કરે છે. જ્યારે કોઈ પણ ભક્ત સાંખ્યમતના ગુરૂને વંદના કરે છે ત્યારે " ॐ **नमो नारायणाय** " એમ કહે છે. તેના ઉત્તરમાં ગુરૂ તેને " **नमो नारायणाय** એમ કહે છે. સાંખ્ય દર્શનમાં ગુરૂઓ મુખના શ્વાસથી જીવહિંસા ન થાય તે સારૂ કાષ્ટની મુખ વસ્ત્રિકા જેનું નામ " વીટા " કહેવાય છે તે મુખ શ્વાસના નિરાધને વાસ્તે રાખે છે. વળી આ દર્શનના ગુરૂઓ જળના જીવોની દયા વાસ્તે પાણી ગળવા સારૂ પોતાની પાસે ગળણું રાખે છે. વળી પોતાના ભક્તોને પાણી ગળવા સારૂ ત્રીશ આંગળ લાંબુ અને વીશ આંગળ પોહોળું અને જાડું એવું ગળણું રાખવાનો ઉપદેશ કરે છે. વળી જે જીવ પાણી ગળતાં તરી આવે છે તે જીવોને પાછા તેજ પાણીમાં પ્રક્ષેપ કરે છે. મીઠા પાણીના પૂરા ખારાપાણીમાં નાંખવાથી મરી જાય છે અને ખારા પાણીના પુરા મીઠાપાણીમાં નાંખવાથી મરી જાય છે તેથી ખારૂં અને મીઠું પાણી કદાપિ એકત્ર કરવું નહીં એવો અમારા દર્શનનો ઉપદેશ છે. કારણ કે અમારા શાસ્ત્રમાં કહ્યું છે કે પાણી સૂક્ષ્મ એક બિંદુમાં જેટલા જીવ છે તે જીવોની કાયા જો ભમરા સમાન બનાવવામાં આવે તો તે જીવો ત્રણ લોકમાં સમાય નહિ. આ પ્રમાણે અમારો જળના જીવો સંબંધી જીવ દયા પાળવાનો વિચાર છે.

વળી અમારા દર્શનમાં કહ્યું છે કે જ્યારે પુરૂષ ત્રણ દુઃખથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હણાય છે ત્યારે તે ત્રણ દુઃખને દૂર કરવા વાસ્તે તેને જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. તે ત્રણ દુઃખના નામ. ૧ આધ્યાત્મિક, ૨ આધિદૈવિક, ૩ આધિભૌતિક. આધ્યાત્મિક દુઃખપણ બે પ્રકારનું છે. ૧ શારીરિક, ૨ માનસિક. તેમાં પિત્ત, વાયુ અને શ્લેષ્મ આ ત્રણ પ્રકૃતિની વિષમતાથી શરીરમાં અતિસાર-ક્ષય આદિ જે રોગ ઉત્પન્ન થાય છે તે શારીરિક અને સ્થૂળ પદાર્થોના સંબંધથી, કામ, ક્રોધ, મોહ, લોભ, ઇર્ષ્યા, નિંદા, જુગુપ્સા ઇત્યાદિ જે ઉત્પન્ન થાય છે તે માનસિક. આ બંને અભ્યંતર ઉપાયોથી દૂર થઇ શકે છે તેથી તે આધ્યાત્મિક દુઃખ કહેવાય છે. વળી જે દુઃખ મનુષ્ય, પશુ, પક્ષી તથા સ્થાવર જંગમ હરકોઇ પદાર્થના નિમિત્તથી થાય છે તે આધિભૌતિક દુઃખ કેહેવાય છે; તથા જે દુઃખ યક્ષ, રાક્ષસ, ભૂતાદિના પ્રવેશથી તથા મહામારી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ ઇત્યાદિ કારણોથી થાય છે તે આધિદૈવિક દુઃખ કેહેવાય છે. આધિભૌતિક તથા આધિદૈવિક દુઃખ બાહ્ય ઉપાયથી દૂર કરી શકાય છે. આ ત્રણ દુઃખથી, પરિણામના ભેદથી દૂર રેહેવાને વાસ્તે પ્રાણીઓને તત્વ જાણવાની જિજ્ઞાસા થાય છે. તે તત્વ પચીશ પ્રકારના છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વિમલચંદ્રસૂરી અને પ્રશ્નોત્તર રત્નમાલા

( ગતઅંક પૃષ્ટ ૨૮૧ થી ચાલુ. )

એક વખતે પ્રતિક્રમણની ક્રિયા થઇ રહ્યા પછી સૂરિશ્રીના શિષ્યો મંડલાકારે બેસી વિચાર કરવા લાગ્યા કે, આજે ગુરૂ મહારાજને કેવા પ્રશ્નો કરવા? તેવામાં એક ચતુર શિષ્યે વિજ્ઞપ્તિ કરી કે, જો આપ સર્વ સંમત થાઓ તો મારી ઈચ્છા એવી છે કે, કર્ણ રૂપ અંજલિથી પાન કરવા યોગ્ય શું છે? અર્થાત્ ખરેખર સાંભળવા યોગ્ય વસ્તુ શી છે? કર્ણ ઇંદ્રિય ને બીજા મધુર વિષયો તો ત્યાગ કરવા યોગ્ય કહેલા છે. ત્યારે તેને તૃપ્ત કરવાનો પવિત્ર વિષય કયો? તે આપણે જાણવું જોઈએ. અને તે વિષે પ્રશ્ન કરીએ. તેના વિચારને સર્વ તરફથી આનંદપૂર્વક અનુમોદન આપવામાં આવ્યું. તે સમયે એક પ્રબુદ્ધ શિષ્ય બોલી ઉઠયો, ધર્મ બંધુઓ મારા હૃદયમાં એક અભિનવ તરંગ ઉઠયો છે. આ જગતમાં ગૃહસ્થ અને ત્યાગીને પોતાની ગુરૂતા રાખવી ગમે છે, કોઈને લઘુતા ગમતી નથી. જો કે ગુરૂતાની અંતર્ગત મદ અભિમાન રહેલા છે પણ વિવેકી વિદ્વાનો પોતાની ગુરૂતા રાખે છે. તે છતાં તેમાં મદ કે અભિમાનને લેશ માત્ર પણ અવકાશ આપતા નથી. તેવી ગુરૂતા સર્વને રાખવાની જરૂર છે. ગુરૂતા રાખવાથી ગુરૂ કે ધર્મની હીલણા થતી નથી. ગુરૂતાના પ્રભાવથીજ ગૃહસ્થ લોકોમાં ધર્માભિમાન જાગ્રત રહે છે. એવી ગુરૂતાનું મૂળ શું છે? અને ગુરૂતા ભંગ થવાનું મૂલ કારણ શું છે? તે આપણે જાણવું જોઇએ, માટે જો આપ સંમત થાઓ તો તે વિષે આપણે બીજો પ્રશ્ન કરીએ. આ ઉપયોગી પ્રશ્ન જાણી સર્વ મુનિ મંડલે તેમાં હર્ષ સાથે અનુમોદના આપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રીતે સર્વાનુમતે બે પ્રશ્ન કરવાનો નિશ્ચય કરી સર્વ શિષ્યો એ ગુરૂમહારાજને અંજલિ જોડી આ પ્રમાણે પ્રથમ પ્રશ્ન કર્યો.— " **पातुं कर्णाञ्जलिभिः किममृतमिव** " " અમૃતની જેમ કર્ણ રૂપી અંજલિ વડે પીવા યોગ્ય શું છે ?" સૂર શ્રીએ સત્વર વિચાર કરી કહ્યું કે, "**बुध्यते सदुपदेशः**" "સારો ઉપદેશ સમજવો તે" અથવા "સત્પુરૂષોનો ઊપદેશ સમજવો તે" તે સાંભળી શિષ્યો સાનંદાશ્ચર્ય પામી ગયા. તત્કાલ બીજો પ્રશ્ન કર્યો—" **किं गुरुता या मूलं** " "પોતાની ગુરૂતા રાખવાનું મૂલ શું ? ગુરૂવર્યે સદ્ય ઉત્તર આપ્યો કે, " **यदेतदप्रार्थनं नाम** " " જે કોઈની પાંસે કાંઇ પ્રાર્થના ન કરવી તે. "

સૂરિશ્રીએ આ બે પ્રશ્નોના ઉત્તર ઉપર વિવેચન કરતાં જણાવ્યું કે, વત્સો, આજના તમારા બે પ્રશ્નો ખરેખર વિચારણીય છે. પ્રથમના પ્રશ્નના ઉત્તરમાં "અમૃતની જેમ કર્ણરૂપી અંજલિવડે પીવા યોગ્ય સદુપદેશ છે." એ મહા વાક્ય સર્વ ધાર્મિક જનો ને સર્વદા સ્મરણીય છે. સદુપદેશની મહત્તા જૈન આગમમાં પ્રત્યેક અક્ષરે અને પ્રત્યેક પદે દર્શાવેલ છે. સદુપદેશના મહાન્ પ્રભાવથી અનેક જીવો પવિત્ર ધર્મને પામ્યા છે. અનેક જીવોએ મહાવ્રત સંપાદન કર્યાં છે અને અનેક જીવો સિદ્ધિ પદે પોહોંચ્યા છે. સદુપદેશના ગૌરવથી મિથ્યાત્વના મહા પંકમાં મગ્ન થયેલા જીવોનો ઉદ્ધાર થયોછે. સદુપદેશ રૂપ સુધાના પાનથી અનેક પ્રાણીઓને ધર્મ જીવન મળ્યું છે. સદુપદેશ રૂપ ગારૂડી વિદ્યાથી અનેક જીવોનું કર્મવિષ વિનાશ પામ્યું છે તેથી હંમેશા સદુપદેશનું કર્ણાંજલિ વડે પાન કરવું યોગ્ય છે. આ પ્રપંચમય સંસારમાં અવિરતિ ધર્મવાલા ગૃહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થોનો ઘણો કાલ ગૃહ કાર્યના ઉપાધિ મૂલ વ્યવસાયમાં વ્યતિત થાયછે સૂર્યોદયથી માંડીને સૂર્યાસ્ત સુધી તેઓ સાંસારિક આધિવ્યાધિ અને ઉપાધિમાં મગ્ન થઈ મચ્યા રહે છે. તેવી રીતે નિત્ય પ્રવર્તન કરતાં તેઓ ચિંતામણિ સમાન આ માનવ ભવને વ્યર્થ ગુમાવે છે, તેવા ગૃહસ્થોને આત્મ કલ્યાણ માટે સદુપદેશ શ્રવણ કરવામાં અલ્પ સમય પણ સમર્પણ કરવો જોઇએ, જો તેઓ પ્રતિદિન ગુરૂમુખે સદુપદેશ શ્રવણ કરે તો તેઓને સંસારની મહાવ્યથા વિશેષ બાધા કરતી નથી; એટલુંજ નહીં પણ કોઈવાર તેઓ વિરતિ ધર્મના અધિકારી થઈ જાયછે. જેના સેંકડો દ્રષ્ટાંતો આર્હત સિદ્ધાંતમાં ઘણે સ્થાને જોવામાં આવેછે. એવા સદુપદેશને અમૃતની જેમ કર્ણાજલિથી પાન કરવા કોણ પ્રમાદ કરે ? જેમના હૃદયમાં ભવ્યતાના બીજ રહેલા છે, જેઓ સર્વ રીતે આર્હત ધર્મમાં શ્રદ્ધાળુ છે, જેઓના અંતઃકરણમાં સમ્યકત્વની સંપૂર્ણ છાયા પડેલી છે અને જેઓ સર્વદા જિન વચનપર પૂર્ણ શ્રદ્ધા રાખેછે તેઓ સર્વ કાલ સદુપદેશનુંજ શ્રવણ કર્યા કરેછે. સદુપદેશ રૂપ અમૃતનું પાન તેઓ કર્ણાંજલિ વડે પ્રેમપૂર્વક કરે છે. શિષ્યો, જેમ ગૃહસ્થને સદુપદેશની આવશ્યકતાછે, તેવીજ વિરતિ ધર્મવાલા સાધુઓને પણ છે, વિદ્વાન્ મુનિઓએ પણ પોતાના ગુરૂમુખથી સર્વદા સદુપદેશ શ્રવણ કરવો જોઈએ. સદુપદેશ વિના સંવેગનો રંગ ટકી શકતો નથી. સ્વાધ્યાય અને સદુપદેશ—એ બંને મહાવ્રતના અંગીભૂત છે. ગુરૂના વ્યાખ્યાન સમયે સર્વ શિષ્યોએ પરિષદામાં આવી સદુપદેશ શ્રવણ કરવો. તેમ પ્રસંગે ઉપકાર અર્થે શ્રવણ પણ કરાવવો. નિત્ય સદુપદેશના મહા દાનથી ઊપકારી ગુરૂ સત્પુણ્ય સંપાદન કરેછે. સદુપદેશ કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર સાધુરત્ન પોતાના ચારિત્રને સંપૂર્ણરીતે ચરિતાર્થ કરે છે.

બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યુંકે, "કોઈની પાસે કાંઇ પ્રાર્થના ન કરવી તે પોતાની ગુરૂતા રાખવાનું મૂલ છે." આ પ્રશ્નોતરમાં પણ મહત્ ગૌરવ રહેલું છે. ગૃહસ્થને કે સાધુને અઘટિત યાચના કરવી તે તેમની ગૌરવતાને હાની કરનારી છે. જ્યાંસુધી માણસ યાચનાની લઘુતા બતાવે નહી ત્યાંસુધી તેનામાં ગૌરવતાનો મહાન્ પ્રકાશ અબાધિત પણે પ્રવર્ત્તે છે. ગમે તેવો મિત્રતાનો કે સુહૃદ-પણાનો સંબંધ હોય પણ જો તેમાં યાચનની લઘુતા પ્રકાશ કરવામાં આવે તો તે સંબંધ તત્કાલ શિથિલ ભાવને પામે છે. તે વિષે સાહિ-ત્યકારો લખે છે કે, "**लघोरपि लघुस्तूल स्तूलादपि च याचकः। बायुना किं न नीतोऽसौ याचेत यदि मामसौ**" ૧ "હલકામાં હલકું રૂ છે અને રૂથી પણ હલકો યાચક છે, ત્યારે તેને પવન કેમ ઊડાડતો નથી? પવન પણ ભય પામે છે કે, કદિ તે મારી પાસે યાચના કરશે. "આ પ્રમાણે અધમમાં પણ અધમ યાચક વૃત્તિ છે. તેથી હે વત્સો, એ પ્રશ્નોત્તર વિષે તમારે સારી રીતે ધ્યાન આપી વર્ત્તવું.

આ પ્રમાણે વિવેચન થઈ રહ્યા પછી સૂરિશ્રીના પ્રશ્નોત્તર રૂપે નીચેની ગાથા તેમના સદ્ગુણી શિષ્યોએ બહુ માન સાથે કંઠમાં ધારણ કરી.

**पातुं कर्णांजलिभिः किममृतमिव बुध्यते सदुपदेशः।**
**किं गुरुताया मूलं यदेतदप्रार्थनं नाम ॥ ९ ॥**

શિષ્ય—અમૃતની જેમ કર્ણરૂપી અંજલિ વડે પીવા યોગ્ય શું છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ—સારો ઉપદેશ સમજવો તે.

શિષ્ય—પોતાની ગુરૂતા રાખવાનું મૂલ શું ?

ગુરૂ—કોઈની પાસે પ્રાર્થના ન કરવી તે.

અપૂર્ણ.

# વ્યવહાર શુદ્ધિ.

( લેખક મુનિ રત્નવિજયજી. )

( અનુસંધાન ગતાંક પાને ૨૮૭ થી.)

વ્યવહાર એ અદ્‌ભૂત ઊત્તમ ગુણ છે. તેના શિવાય સર્વ માર્ગ ભ્રષ્ટ થાય છે અને તેના વડેજ સર્વમાર્ગનું વિદ્યમાનપણું છે. ચૌદ રાજ લોકમાં સર્વત્ર તેનેજ અવકાશ મળે છે. પદાર્થમાત્રની પરિક્ષા તેનાથીજ થઈ શકે છે એટલુંજ નહીં પણ અનુમાનાદિ પ્રમાણોનું બંધારણ પણ તેની ઉપરજ છે. ઘટિકાયંત્રની જેમ સર્વ વસ્તુની માપણી તેનાથીજ થઇ શકે છે. શુદ્ધ વ્યવહાર પ્રકાશિત દિન કરની જેમ સ્વચ્છ પ્રકાશ અર્પે છે. સાધેલા મંત્રની જેમ ઇચ્છિત કામનાઓ પરિપૂર્ણ કરે છે. વ્યવહાર શુદ્ધિની પાસે મેરૂની મહત્તા પણ મંદ છે. ક્ષીરસાગરની પરિધિ પણ અદીર્ઘ છે. અને ગરૂડની ગતિ પણ સ્વલ્પ છે. શુદ્ધ વ્યવહાર એ મનુષ્ય જીવનની જ્યોતિ છે. ચારિત્ર ધર્મરૂપ શરીરનો એકાવળો મણિમય દિવ્યહાર છે. તેની આગળ સદાશિવનું તૃતીય નેત્ર નકામું છે, અત્રિરૂષિનું ચક્ષુનું તેજ નિર્માલ્ય છે, અને દુર્વાસનું તપ:તેજ ભ્રષ્ટ છે. વ્યવહાર શુદ્ધિ શિવાય સર્વ પદાર્થો શૂન્ય પ્રાય છે. વ્યવહાર શુદ્ધિવડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીંચ ઊંચ થઇ સકે છે, પાપીઆત્મા પુણ્યાત્મા થઇ શકે છે, જડ પંડિત બની શકે છે અને ભ્રષ્ટ શ્રેષ્ટ હોઇ શકે છે. જેમ કુપ ખોદનાર અધોગમન ક્રિયાવડે ક્રમશઃઅધોગતિ કરે છે અને દિવાલ ચણનાર ઉર્દ્ધગમન ક્રિયાવડે ક્રમશઃ ઊર્દ્ધગતિ કરે છે. તેવીજ સ્થિતિ શુદ્ધ અને અશુદ્ધ વ્યવહારની છે. શુધ્ધ વ્યવહારથી આત્માની ઊર્દ્ધગતિ થાય છે. તેવીજ રીતે અશુધ્ધ વ્યવહારથી આત્માની અધોગતિ થાય છે. એ ગુણ પ્રત્યેક પ્રાણીમાં પ્રકૃતિ ભેદે ગોઠવાઇ ગયેલો છે. કેવીરીતે પ્રગટ થાય છે તે માત્ર જ્ઞાની ગમ્ય છે.

શુદ્ધ વ્યવહારની પ્રાપ્તિ અતિ કઠિન છે. ચારિત્ર ધર્મમાં કે ગૃહસ્થ ધર્મમાં બંનેમાં અતિ મુશ્કેલી ભરેલી છે. ગૃહસ્થ ધર્મમાં પણ વર્ત્તમાન કાળમાં એવા આત્માઓ વીરલા હશે કે જેઓ પોતાનો વ્યાપાર નોકરી હુન્નર આદિ શુદ્ધ વ્યવહાર પૂર્વક ચલાવતા હશે. બગીચામાં અનેક વૃક્ષોની અભિવૃદ્ધિમાં જેમ જળની જરૂર છે તેમ આત્માના અનેક ગુણોની વૃદ્ધિમાં શુદ્ધ વ્યવહારની જરૂર છે. જેમ રવિકિરણોને અભાવે સર્વ વસ્તુ અંધકારમય લાગે છે. તેમ શુદ્ધ વ્યવહાર વિના સર્વ કાર્યો અકાર્યો જેવા લાગે છે. શુદ્ધ વ્યવહારના પ્રવર્ત્તનને ખાતર રાજકિય ધાર્મિક અને નૈત્તિકાદિક પુસ્તકોના લખાણો થયા છે—થાય છે અને થશે. પશુ અને મનુષ્યમાં તફાવત બતાવનાર પણ શુદ્ધ વ્યવહાર છે શુદ્ધ વ્યવહારની મર્યાદા મેરૂથી પણ અતિ દઢ છે. ગર્ભાવાસમાં કંઈ વ્યવહાર પ્રવર્ત્તન નથી. પરંતુ જન્મ થતાંજ વ્યવહારિક સૃષ્ટિમાં આત્માની પ્રવૃત્તિ થાય છે, ક્રમશઃ વધતી વધતી જાય છે. જેમ જેમ ઉચ્ચ વ્યવહાર દેખાયછે તેમ તેમ ઉચ્ચ ભાવના થતી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી તાલધ્વજ ગિરિ અને સૂરિશ્રી આનંદ વિજયજીની મૂર્ત્તિ.

તાલધ્વજ ગિરિ એ શત્રુંજય ગિરિરાજની છઠી ટુંક છે. ડુંગર નાનો છતાં અતિશય રમણિક છે. યાત્રા કરનાર સેહેલાઈથી ચડી ઉતરી શકેછે. ટુંકમાં મૂળનાયક શ્રી સુમતિનાથ પ્રભુછે. જેમનું જગદ્ વિખ્યાત "સાચાદેવ" એવું નામ મશહૂરપણે ચાલેછે. તાલધ્વજની સમીપમાં તલાજા નામનું ગામ છે. ગામમાં અઢીસો ઘરનો શ્રાવકનો સમુદાય છે. અત્રે શ્રીમદ્ વિજયાનંદ સૂરિના પ્રશિષ્ય મુનિરાજશ્રી હંસવિજયજી થોડા વર્ષ ઊપર ચાતુર્માસ રહેલા હોવાથી તાલધ્વજ ગિરિ ઊપર શ્રીમદ વિજયાનંદ સૂરીની મૂર્ત્તિ બિરાજમાન હોયતો ભવ્ય જીવોને દર્શન—નામસ્મરણ ઈત્યાદિ અનેક પ્રકારનો લાભ થાય તેવા હેતુથી સમયાનુસાર ઉપદેશ થતાં ધુળીયાના રહીશ સુશ્રાવક શેઠ સખારામભાઇ દુર્લભદાસની તરફથી મહારાજશ્રીની ભવ્ય મૂર્ત્તિ જયપુર શેહેરના એક કુશળ કારીગર પાસે તૈયાર કરાવવામાં આવી. જેને દેખતાંજ ખુદ મહારાજ સાહેબ વિદ્યમાન હોય તેવું જોનારને ભાન થાય છે, ટુંકની અંદર મૂર્ત્તિને બિરાજમાન કરવા સારૂ સ્થળની ગોઠવણ તો મજકુર સખારામભાઇવાળા તરફથી થયેલી છે. પરંતુ નકરો આપી સ્થાપના કરવા સારૂ કોઈ ઉત્સુક થાય તો તેવા પ્રકારની તેણે સંઘને સ્વતંત્ર સત્તા આપેલીછે. તેથી ગુરૂ ભક્તિને વિષે નિરંતર સાહસિકભકતોને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આ ભવ્ય મૂર્તિનું સ્થાપન કરવાની જેને જિજ્ઞાસા હોય તેણે અત્રેના સંઘની ઊપર પોતાની ઈચ્છા જણાવવી

લી. સંઘનો દાસ.

જુંઝાભાઈ ભીખાભાઈ—તળાજા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

પાલીતાણા શહેર જૈનોના મુખ્ય તિર્થ શત્રુંજયની તળાટી હોવાને લીધે સમગ્ર આર્યા વર્તમાં પ્રખ્યાતિને પામ્યું છે અને સાધુ, પુરુષો તથા સુશ્રાવકો અનેક લાભોના કારણે ત્યાં ચાતુર્માસ રહે છે. જૈનોને અનેક આભારોના ભાર તળે ડુબાવનાર મર્હુમ મુનિરાજ શ્રીમદ્ આત્મારામજી મહારાજના પ્રશિષ્ય હંસવિજયજીએ પોતાના શિષ્ય પરિવાર સહિત ચાતુર્માસને માટે હાલમાં ત્યાં વાસ કર્યો છે. મુનિરાજ શ્રી વલભવિજયજીના પ્રશિષ્ય મુનિ સોહન વિજયજી પણ તેમની સાથેજ છે. તે મુનિ સોહનવિજયજી થોડા દિવસ ઊપર તળાટીના માર્ગ તરફ સ્થંડિલ જવા માટે ગમન કરતા હતા તે સમયે કોઈ ચાર શખ્સોએ પ્રથમ નિર્ણીત કરેલા સંકલ્પ મુજબ તેમને હેરાન કરવાની તક લીધી. પ્રથમ બે જણ આવ્યા. અને મુનિને કહ્યું, 'આગળ જાઓ' મુનિ ચાલ્યા, થોડો માર્ગ પસાર કર્યા પછી બે જણ આવ્યા, અને મુનિને કહ્યું; 'હજુ આગળ જાઓ' મુનિ થોડુંક આગળ ચાલ્યા. પછી બે જણાએ આવી મુનિના હાથ પગ બાંધી વસ્ત્ર રહિત કરી, સખ્ત તાડન કરી હરામખોરો ચાલ્યા ગયા. શહેરની અંદર મુનિની બહુ શોધ ખોળ થઇ પણ તે નિષ્ફળ ગઇ. મુનિ તેજ જગ્યાએ એમને એમ આખો દિવસ પડયા રહયા. બીજે દિવસે તે જગ્યા આગળ એક પુરૂષ લાકડા વિણવાને અર્થે નીકળ્યો. મુનિ મહારાજના કહેવાથી તે મનુષ્યના હૃદયમાં દયાએ વાસ કર્યો. મુનિને બંધનથી મુક્ત કર્યા, અને ગામમાં ખબર કહેવરાવ્યા જેથી બીજા મુનિઓ

For Private And Personal Use Only